# ગુજરાતી



## ધોરણ-૭

**પ્રથમ સત્ર**

## વાર્ષિક માસવાર આયોજન

વર્ષ – ૨૦૨૪/૨૫



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જુલાઈ માસનું પાઠ આયોજન
## (૧) પ્રાણીમાત્રને

**અધ્યયન નિષ્પત્તિ :**

૪.૩-પદ્યની વિગતો વચ્ચેનો સંબંધ નિશ્ચિત કરે, એ સંબંધોને સમજે.

૮.૩-લય-ઢાળ પ્રમાણે કાવ્યગાન કરે.

૫.૭-ભાષા રચનાના ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે.

૯.૨-લેખન અભિવ્યક્તિમાં પોતાની ભાષા સજ્જતાનો ઉપયોગ કરે.

૬.૮-શબ્દ, શબ્દસમૂહ તેમજ રૂઢિપ્રયોગનો ઉપયોગ કરે અને અર્થપૂર્ણ વાક્યરચના કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કાવ્યનો પરિચય
-કાવ્યનું લય-ઢાળ સાથે ગાન
-કાવ્યની સમજુતી
-કાવ્યનું વિ.ઓ સાથે સમુહમાં ગાન
-શબ્દાર્થ સમજ અને લેખન
-વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી
-વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરવું
-શબ્દ અને તેના અર્થનું વાંચન
-કાવ્યમાં વપરાયેલ શબ્દોનું વાંચન
-યોગ્ય શબ્દ પસંદ કરી ફકરો પસંદ કરવો.
-યોગ્ય સંયોજક મૂકી વાક્યો લખવા.
-વિરામચિહ્ન મૂકી સુલેખન કરવું.
-પ્રશ્નોના જવાબની સમજ
-આવી અન્ય ગમતી પ્રાર્થનાનું લેખન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રાર્થનાપોથી
- મંદિરોના ચિત્રો
- વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

-વિદ્યાર્થીઓને કવિતાના કવિની માહિતી આપીશ. પછી કાવ્યનો પરિચય વિ.ઓને આપીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે કાવ્યનું લય અને ઢાળ સાથે ગાન કરાવીશ. કાવ્યની સમજૂતી આપ્યા બાદ આ કાવ્યનું વિદ્યાર્થીઓ સાથે સમૂહમાં ગાન કરાવીશ. વિ.ઓને કાવ્યમાં આવતા શબ્દની સમજ આપીશ અને કા.પા. કાર્યમાં લેખન કરાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ વાતચીત દ્વારા વિ.ઓ સાથે કાવ્યની પ્રશ્નોત્તરી કરાવીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપીશ. ત્યારબાદ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરવાની પ્રવૃત્તિ કરાવીશ. પછી વિદ્યાર્થીઓ શબ્દ, તેનો અર્થ બોલશે અને તેનો યોગ્ય જવાબ અપાવીશ. પછી કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ફકરો પૂર્ણ કરવાની પ્રવૃત્તિ કરાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને વાક્યમાં યોગ્ય સંયોજક મૂકી વાક્યો ફરીથી લખાવીશ. વિદ્યાર્થીઓને ફકરામાં યોગ્ય વિરામચિન્હ મૂકી સુલેખન કરાવીશ. કવિતામાં આવતા પ્રશ્નોના જવાબ ની સમજ આપીશ. આ પ્રાર્થના જેવી અન્ય ગમતી પ્રાર્થનાની પંક્તિ બાળકો પુસ્તકાલય કે ઇન્ટરનેટ નો ઉપયોગ કરી લખી લાવવા આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-અન્ય પ્રાર્થના શોધવી અને ગાન કરવું.
-જુદા જુદા મંદિરોના ચિત્રો એકત્ર કરવા.

**મૂલ્યાંકન**

-શબ્દાર્થ
-વાતચીત પ્રશ્નોત્તરી
-પ્રાર્થનાનું લેખન, ગાન

## જુલાઈ માસનું પાઠ આયોજન
## (૨) ગુપ્તદાન

**અધ્યયન નિષ્પતિ :**

૫.૩-ક્રિયાપદનું વાક્યમાં મહત્વ સમજે અન્ય ક્રિયાપદનો પ્રયોગ કરી તુલનાત્મક અભ્યાસ કરે.

૪.૯-વાક્ય-વાક્ય વચ્ચેનો ઘટનાક્રમ સમજે.

૬.૪-વિશિષ્ટ શબ્દના અર્થ સંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને તેનો ઉપયોગ કરે.

૪.૩-ગદ્યખંડ અને સંવાદોનું વાચિકમ્ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દાન અને ગુપ્ત દાન ની સમજ
- પાઠનું વાંચન અને પાઠની સમજ
- ગામની સમસ્યા
- લોક સહકારથી થતા કાર્યોની સમજ
- ભીખાભાઈ શેઠે કરેલી મદદની વાતચીત દ્વારા સમજ
- શબ્દાર્થ દ્વારા લેખન અને સમજ
- રૂઢિપ્રયોગોનું લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી
- પાઠની પ્રશ્નોત્તરી
- પાઠના આધારે લેખન
- વાક્યો ખરા છે કે ખોટા
- પાઠમાં આવતા પ્રશ્નોના જવાબ
- ડોક્ટર અને ભીખા શેઠ ના પાત્રો દ્વારા સંવાદ

કરકસર અને કંજૂસાઈ તેની સમજ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને ગુપ્તદાન પાઠ દ્વારા દાન અને ગુપ્તદાન ની સમજ આપીશ. વાર્તાકાર પીતાંબર પટેલ ની માહિતી આપ્યા બાદ આ પાઠનું વાંચન કરાવીશ. વિદ્યાર્થીઓને ગંગાપુર ગામમાં શેની સમસ્યા છે તે સમજાવીશ. ત્યારબાદ ભીખાશેઠનું કંજૂસાઈ ભર્યું વર્તન વિદ્યાર્થીઓને સમજાવીશ. ત્યારબાદ ભીખાભાઈ શેઠે ગામ લોકોને કરેલી મદદ અને તેનો ઉપકાર ની સમજ વિદ્યાર્થીઓને આપીશ. શબ્દાર્થ બાળકોને લખાવી સમજ આપીશ. ત્યારબાદ રૂઢિપ્રયોગોનું લેખન કરાવીશ. વિદ્યાર્થીઓને વાતચીતનામાં આપેલા પ્રશ્નોની પ્રશ્નોતરી દ્વારા પાઠની સમજ આપિશ. પાઠના આધારે વાક્યો કોણ બોલે છે તેની માહિતી આપીશ. પાઠમાં આપેલા એક ચિત્રમાં બંને પાત્રો વચ્ચેની વાતચીતનું અનુમાન વિદ્યાર્થીઓ પાસે કરાવીશ અને પછી લેખન કરાવીશ. ડોક્ટર અને ભીખાભાઈ શેઠનો સંવાદ અને પાત્ર જોડીકાર્ય દ્વારા બાળકો સાથે કરાવીશ. આ પાઠમાં આપેલી કરકસર અને કંજૂસાઈ ની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-ડોક્ટર અને ભીખાશેઠના પાત્રોનો સંવાદ
- ચિત્ર આધારિત પ્રવુત્તિ કરવી.
- ગામમાં કઈ સમસ્યા હોય તે માહિતી એકત્ર કરવી.

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- રૂઢીપ્રયોગનું લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## (૩) અમારી કામધેનુ

**અધ્યયન નિષ્પતિ :**

૪.૩ - ગદ્ય સામગ્રીમાંથી વિગતો શોધે.

૪.૭ - સામગ્રીની સમજ વિકસાવવા જરૂરી પૂછપરછ કરે.

૨.૨ -વિગતો વચ્ચેના સંબંધો સમજે.

૨.૩ - વિગતોને હેતુ અનુસાર પ્રયોજે.

કોઈ વિષય ઉપર સ્વતંત્ર લેખન કરે.

૭.૩-એ માટે સામગ્રી એકઠી કરી, સર્જનાત્મક અભિવ્યક્તિ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- અબોલ પ્રાણીની સમજ
- બોડી ગાય વિશે માહિતી
- પોતાના ઘરમાં પડતા પ્રાણીઓ વિશે ચર્ચા
- વિદ્યાર્થીઓને કયું પ્રાણી ગમે છે તે વિશે પૂછવું
- બોડી ગાયથી આખા ઘરનું ગુજરાન કેવી રીતે ચાલે તે સમજ
- દૂધ માંથી બનતી વાનગીઓ
- શબ્દાર્થ લેખન
- શબ્દ સમૂહ માટેના એક શબ્દ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- જાહેરાત ના આધારે પ્રશ્નોની ચર્ચા
- ભાષા સજ્જતા દ્વારા સ્વતંત્ર લેખન
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- ગાયનું ચિત્ર
- જાહેરાત પત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને અમારી કામધેનુ પાઠ દ્વારા ગાય ની સમજ આપીશ. લેખક ચંદ્રકાંત પંડ્યા વિશે સમજ આપ્યા બાદ પાઠ ની સમજ આપીશ. અબોલ પ્રાણી સાથેના મનુષ્યના સહજીવનનું આસ્વાદ્ય નિરૂપણ ની વિદ્યાર્થીઓને સમજ આપીશ. બાળકોને સમજાયું કે બોડી ગાય લેખકના ઘરના સભ્ય જેવી જ બની ગઈ હતી. અને ગામના લોકો પણ તેને બહુ જ આદર આપતા હતા તે સમજ આપી. વિદ્યાર્થીઓને શબ્દાર્થ સમજાવી અને લખાવીશું. શબ્દ સમૂહ એક માટેના શબ્દ વિદ્યાર્થીઓને લખાવ્યા. ત્યાર બાદ વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબ સમજાવી લખાવીશ. પા.પુ. માં આપેલ જાહેરાતના આધારે પ્રશ્નોના જવાબ લખાવીશ. અ, બ, અને ક માંથી વાક્યના અંશ લઇ અર્થસભર વાક્ય વિદ્યાર્થીઓ લખાવીશ. ત્યારબાદ ભાષાસજ્જતા દ્વારા સ્વતંત્ર લેખન વિદ્યાર્થીઓને કરાવીશ. પછી ચાલો યાદ કરીએ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવુત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-અબોલા પ્રાણીઓ ચિત્રો

-ગાય અને વાછરડાંના નું ચિત્ર

- દૂધ માંથી બનતી વાનગીઓ

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- રૂઢીપ્રયોગનું લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## (૪) ચાલો, ચરણ ઉપાડો

**અધ્યયન નિષ્પતિ :**

૪.૯ કાવ્યગાન કરે, શ્રવણ કરે, લય-ભાવ સમજે.
૪.૩ લય તેમજ ભાષાસૌંદર્યને પામે અને પ્રતિભાવ આપે; સામગ્રી વિષયક ચિંતન કરે.
૪.૨ કાવ્યપંક્તિઓને કંઠસ્થ કરે. કૂચગીત તરીકે કાવ્યપાઠ (recitation) કરે.
૬.૪ વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- રાષ્ટ્રસેવા ની સમજ
- કુચગીત
- સૈનિક ની જેમ પરેડ
- શૌર્યગીતનું ગાન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- વાક્યપ્રયોગ કરવા
- કાવ્ય વાંચી પ્રશ્નોત્તરી
- ચાલો યાદ કરીએની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- અન્ય શૌર્યગીત

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'ચાલો ચરણ ઉપાડો' કવિતાના કવિ સુરેશ દલાલ માહિતી આપ્યા બાળ વિદ્યાર્થીઓને 'ચાલો, ચરણ ઉપાડો!' શૌર્યગીતનું ગાન કરાવી ગીતમાં આવતી સૈનિકોની વાત પરેડ, સરઘસ રાષ્ટ્ર માટે સજ્જ થવાની હાંકલ વગેરે વિશે સમજ આપીશ. કવિતામાં શૌર્યગીત દ્વારા પ્રશ્નોના જવાબની વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યારબાદ ઉદાહરણ મુજબના શબ્દો શોધીને વાક્ય પ્રયોગ લખાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ કાવ્ય વાંચી અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ કાવ્યના આધારે સમજાવીને લખાવીશ. પાંચ અક્ષર વાળા જેડાક્ષરતા શબ્દોની યાદી તૈયાર કરાવી તેનો ઉચ્ચારણ કરાવીશ. કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને પ્રશ્નવાક્ય લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પંક્તિઓનો ભાવાર્થ ગુજરાતીમાં લખાવીશ. ત્યારબાદ 'ચાલો યાદ કરીએ' દ્વારા બાળકોને આપેલા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-સૈનિકોની પરેડ વિડીયો ચિત્રો

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## (૫) તમે સાપથી ડરો છો કે ?

**અધ્યયન નિષ્પતિ :**

૩.૭ સામગ્રી વિષયક વિશ્લેષણ તેમજ વિવેચનાત્મક ચિંતન કરે.

૩.૮ ચિંતનને આધારે શીખવા માટેની પ્રયુક્તિઓ તારવે અને પ્રયોજે.

અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ સમજે અને અસરકારક રજૂઆત કરે.

૬.૪ વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે.

૯.૪ પાઠ્યસામગ્રીમાંથી શીખવા મળેલી નવી અને ગમતી શબ્દાવલી તેમજ વાક્યરચનાઓ પોતાના પરિવેશમાં સભાનતાપૂર્વક રજૂ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- બીજા જીવોનું અસ્તિત્વ
- સાપ વિશેની રસપ્રદ માહિતી
- સાપનો સમાજમાં ડર
- સાપ વિશેની ખોટી માન્યતાઓ
- નાગ પંચમીની સમજ
- સાપ નોળિયાની વાર્તા
- શબ્દાર્થ લેખન
- શબ્દ સમૂહ માટેના એક શબ્દ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- વાક્યો અને તેનો અર્થ
- પ્રશ્નોના જવાબ લખો
- ચાલો યાદ કરીએ ની ચર્ચા
- શબ્દકુંભની પ્રવુત્તિ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- સાપનું ચિત્ર
- સંદર્ભસાહિત્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને ‘તમે સાપથી ડરો છો કે?. પાઠની લેખક જયંતભાઈ પટેલની માહિતી આપ્યા બાદ આ પાઠમાં આવતી સાપ વિશેની એક રસપ્રદ માહિતી બાળકોને સમજાવીશ. સમાજમાં સાપનો ડર સામાન્ય રીતે સૌની અંદર જોવા મળે છે. સાપ વિશેની કેટલીક ખોટી માન્યતાઓ પાઠ્યપુસ્તક દ્વારા સમજાવીશ. વિદ્યાર્થીઓને પાઠનું સહ સ્વર વાંચન કરાવી પાઠની ચર્ચા કરી સમજ આપીશ. પાઠની સમજૂતી આપ્યા બાદ શબ્દાર્થની ચર્ચા કરી લખાવીશ. વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબની સમજ આપી તેની ચર્ચા કરી લખાવીશ. ઉદાહરણ વાંચો, સમજો અને એવા બીજા વાક્યો અને તેનો અર્થ લખાવીશ. કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી શબ્દ સમૂહ માટેનો સાચો શબ્દ લખાવીશ. સાપ ને લગતી કોઈપણ ત્રણ કહેવતો શોધી અને તેનો અર્થ લખાવીશ. પાઠમાં આવતા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી બાળકોને લખાવીશ. ‘ચાલો યાદ કરીએ’ દ્વારા પાઠમાં આપેલા પ્રશ્નોના જવાબની બાળકો સાથે ચર્ચા કરી તેની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-સાપના ચિત્રો
- નાગપંચમી વાર્તા

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- શબ્દસમૂહ માટે એક શબ્દ
- વાતચીતની પ્રશ્નોત્તરી
- પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ/સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## (૬) અવિરામ યુદ્ધ

**અધ્યયન નિષ્પતિ :**

૨.૫ વાતચીતમાં અને વાતચીત વિશે પ્રતિભાવ આપે.

૫.૭ ભાષા-સંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી, સામગ્રીનું પુન:લેખન કરે અને સર્જનાત્મક ચિંતન કરે.

૯.૨ લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે, શબ્દોનો અંગવિસ્તાર કરે.

૫.૩ અભિવ્યક્તિને ભાવાત્મક બનાવવા માટે યોગ્ય શબ્દ અને વિવિધ કે' વાક્યરચનાઓ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- મનુષ્યના જીવનસંગ્રહની કથા
- દરિયાખેડું લોકોની માહિતી
- મા-દીકરાનું હૈયાફાટ રુદન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- જોડીકાર્ય દ્વારા જોડકા
- જૂથ કાર્ય દ્વારા નવું વાક્ય બનાવવું
- વાક્યોમાં વિરામચિહ્નો મુકવા
- ભાષાસજ્જતા દ્વારા વિરામચિહ્નો મુકવા
- બોલો હું કોણ છું ? દ્વારા ઉખાણાંની ચર્ચા
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- દરિયાખેડુના ચિત્રો, વિડીયો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને અવીરામ યુદ્ધ પાઠના લેખક ગૌરીશંકર જોશીની માહિતી આપીશ. ત્યારબાદ આ પાઠમાં આવતા મનુષ્યના જીવન સંઘર્ષની કથા વિદ્યાર્થીઓને સમજાવીશ. પોતાની માતા પાસે ઊભા રહીને રાહ જોતા પુત્રના દરિયા ખેડૂ પિતા પાછા ફરતા નથી અને મા-દીકરો હૈયા ફાટ રુદન કરે છે આ દ્રશ્ય લેખકે આ પાઠમાં સુંદર રીતે બતાવ્યું છે. તે વિદ્યાર્થીઓને સમજાવીશ. ત્યારબાદ શબ્દાર્થની સમજ આપીશ અને નોટમાં લખાવીશ. પછી વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. જોડીકાર્ય દ્વારા શબ્દ જૂથોને લાગુ પડતા વિભાગમાં ગોઠવવાની પ્રવૃત્તિ કરાવીશ. જુથકાર્યમાં રૂઢિપ્રયોગોનો શોધીને નવા વાક્ય બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબ લખાવીશ. વિદ્યાર્થીઓની ભાષા સજ્જતા દ્વારા વિરામચિન્હ ની સમજ આપી તેની ચર્ચા કરીશ. 'બોલો હું કોણ છું' આ પ્રવૃત્તિ દ્વારા પાઠ્યપુસ્તકમાં આપેલા ઉખાણાં વારાફરતી વંચાવી અને તેના જવાબની ચર્ચા કરી અને આવા અન્ય ઉખાણાં બનાવવા આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- દરિયાખેડુના ચિત્રો
- દરિયા નજીક રહેતાં લોકોની માહિતી

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- વિરામચિહ્નો શોધીને લખવા
- પ્રશ્નોના જવાબ લખવા
- ઉખાણાંના જવાબ લખવા

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## (૭) હરિ, ઘરે આવો ને !

**અધ્યયન નિષ્પતિ :**

૬.૪ વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે.

૭.૫ ભાવાત્મક શબ્દોના અર્થ શોધે અને તેનો ઉપયોગ કરે.

૭.૪ અભિવ્યક્તિને ભાવાત્મક બનાવવા માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ યોજે.

૮.૩ લયાત્મક કાવ્યગાન કરે.

૯.૫ વિવિધ પરિસ્થિતિઓમાં પોતાના ઘરની ભાષા તેમજ સ્થાનિ ભાષાનો નિ:સંકોચ ઉપયોગ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કાવ્યનું ગાન અને કાવ્યની સમજ
- લોકગીત નું ગાન
- મહેમાનના સ્વાગત માટેની તૈયારીઓ
- તળપદા શબ્દોની સમજ
- સમૂહ ગાન અને વ્યક્તિગત ગાન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- પોતાના વિસ્તારમાં ગવાતા ગીતનું ગાન
- પ્રશ્નોના જવાબની ચર્ચા
- 'મહેમાનગતિની મજા'
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'હરી, ઘરે આવોને!' લોકગીત નું ગાન કરાવીશ. લોકગીત એટલે લોકો દ્વારા ગવાયેલું ગીત અને લોકોને આ ગીત ગાવામાં જે આનંદ, ગમા-અણગમા અને સુખ-દુ:ખની વાત હૃદય સ્પર્શી રીતે થાય છે તેની સમજ આપીશ. વિદ્યાર્થીઓને આ કાવ્યમાં મહેમાનના સ્વાગત માટેની તૈયારીઓનું વર્ણન ઘણું રસપ્રદ છે તે સમજાવી આ લોકગીત માં વપરાયેલા તળપદા શબ્દોની સમજ આપીશ. ત્યારબાદ લોકગીતનું સમૂહ ગાન અને વ્યક્તિગત ગાન આનંદદાય રીતે વિદ્યાર્થીઓને કરાવીશ. વિદ્યાર્થીઓને કાવ્ય બાદ કાવ્યમાં આવતા શબ્દાર્થોની ચર્ચા કરી અને લખાવીશ. કાવ્યમાં આવતા વાતચીત દ્વારા આપેલા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને નોટમાં લખાવીશ. આ કાવ્ય દ્વારા જ્યારે ઘરે મહેમાન આવે ત્યારે આપણે તેમને કેવી રીતે આમંત્રણ આપીએ છીએ અને ઘરે આપણે કેવી તૈયારીઓ કરીએ છીએ તે બાળકો સમજશે. કાવ્યમાં આપેલી પંક્તિનો ભાવ શોધીને લખવાનું કહીશ. વિદ્યાર્થીઓને તેમના વિસ્તારમાં ગવાતું અને તેમનું મનપસંદ એક લગ્ન ગીત શોધીને ગાવા અને લખવા જણાવીશ. કવિતામાં આવતા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને નોટમાં લખાવીશ. 'મહેમાનગતિની મજા' વિશે વિદ્યાર્થીઓ તેમના મિત્રને પત્ર લખે તેની સમજ આપી આ પ્રવૃત્તિ કરાવીશ. 'ચાલો યાદ કરીએ' પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને એની ચર્ચા કરી નોટમાં લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- લોકગીતોનો સંગ્રહ
- તળપદા શબ્દો ની નોધ કરવી
- પોતાના વિસ્તારમાં ગવાતા ગીતનો સંગ્રહ

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન

- વાતચીતની પ્રશ્નોત્તરી
- તળપદા શબ્દોનું લેખન
- પોતાના વિસ્તારમાં ગવાતા ગીત
- પ્રશ્નોના જવાબ લખવા

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## (૮) સાહેબ બધા જોડાઈ ગયા છે

**અધ્યયન નિષ્પતિ :**

૪.૪ વ્યક્તિગત અનુભવ, ઈતર-વાચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની શાબ્દિક રજૂઆત કરે.

૯.૬ છાપાં, મેગઝીન, ટીવી, મોબાઇલ વગેરેમાં પ્રયોજાતી શબ્દાવલી અને વાક્યરચનાઓ ગ્રહણ કરે અને બોલવાની – સાંભળવાની ભાષામાં સંયોજિત કરે.

૯.૪ પાઠ્યસામગ્રીઓમાંથી શીખવા મળેલી નવી અને ગમતી શબ્દાવલી તેમજ વાક્યરચનાઓ ગ્રહણ કરે અને બોલવાની–સાંભળવાની ભાષામાં સંયોજિત કરે.

૩.૦ માહિતીલક્ષી સામગ્રીમાંથી સમજ વિકસાવવા સંવાદ કરે, પૂછપરછ કરે અને સર્જનાત્મક ચિંતન કરે.

૫.૬ નામપદ અને અનુગ ઓળખાવે ને વાક્યમાં પ્રયોગ કરે.

૧.૫ વીજાણુ માધ્યમ દ્વારા થતી અભિવ્યક્તિનું શ્રવણ કરી પ્રતિભાવ આપે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- ઓનલાઈન શિક્ષણ
- અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન
- સુટેવોનું મહત્વ
- આહારવિહારમાં રાખવાની કાળજી
- સાયબર ક્રાઈમથી બચવા કઈ કઈ સાવધાની રાખવી જોઈએ
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- 'અતિથિ કાઠીયાવાડી લોજ' ની જાહેરાત
- ત્રણ પ્રશ્નોની રચના
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- સાયબર ક્રાઈમના વિડીયો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'સાહેબ, બધા જોડાઈ ગયા છે' આ એકમ દ્વારા શિક્ષકનો પોતાના વિદ્યાર્થીઓ સાથેનો ઓનલાઈન શિક્ષણ શરૂ કરતાં પહેલાંનો થયેલો સંવાદ વિશે અહીં સમજાવીશ. સાચી કેળવણી અંગે અલગ અલગ રીતે વાત થઈ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન પ્રાપ્ત થવાની સાથે વિદ્યાર્થીઓમાં ઉત્તમ સંસ્કારો કેળવાય એની માહિતી આપીશ. વિદ્યાર્થીઓને આ એકમમાં સુટેવોનું મહત્વ સમજાવવામાં આવ્યું છે અને આહારવિહારમાં રાખવાની કાળજી વિશે સમજ આપવામાં આવી છે સાથે સાથે સોશિયલ મીડિયાના વિવેક પૂર્ણ ઉપયોગ અંગે સૂચન કરવામાં આવ્યું છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. વર્તમાન યુગમાં સાયબર ક્રાઈમથી બચવા કઈ કઈ સાવધાની રાખવી જોઈએ એ પણ વિદ્યાર્થીઓને આ એકમ દ્વારા સમજાવીશ. આ પાઠ પછી આવતા શબ્દાર્થોની ચર્ચા કરી નોટમાં લખાવીશ. આ એકમમાં આપેલ વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબો ની ચર્ચા કરી અને વિદ્યાર્થીઓને લખાવીશ. પાઠના આધારે વાક્યો કોણ બોલે છે તે તેની ચર્ચા કરી જવાબ લખાવીશ. પાઠમાં આપેલી 'અતિથિ કાઠીયાવાડી લોજ' ની જાહેરાત ના આધારે તેમાં આપેલા પ્રશ્નોના જવાબ ની ચર્ચા કરી બાળકોને તે લખાવીશ. વિદ્યાર્થીઓને આ એકમમાં આપેલી એક કાવ્ય પંક્તિ વાંચી તેના દ્વારા ત્રણ પ્રશ્નોની રચના કરવાની

પ્રવુત્તિ સમજાવીશ. આ એકમમાં આપેલ વિરુદ્ધાર્થી શબ્દોના આધારે વાક્યો બનાવવાનું વિદ્યાર્થીઓને સમજાવીશ. ત્યારબાદ એકમમાં આપેલ પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. છેલ્લે વિદ્યાર્થીઓને 'ચાલો યાદ કરીએ' દ્વારા પુછાયેલા પ્રશ્નોની ચર્ચા કરી તે મુજબની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- ઓનલાઈન શિક્ષણ
- સાયબર ક્રાઈમની માહિતી

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- 'અતિથિ કાઠીયાવાડી લોજ' ની જાહેરાતની પ્રશ્નોત્તરી
- 'ચાલો યાદ કરીએ'
- પ્રશ્નોના જવાબ લખવા

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## (૯) રત્ન ભોજન

**અધ્યયન નિષ્પતિ :**

૮.૭ અંગમુદ્રા અને મુખમુદ્રા દ્વારા મસ્તિષ્કનાં ઉદ્દીપન અને વિકાસ કરે.

૫.૯ ભાષાસંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી, સામગ્રીનું પુન:લેખન કરે.

૪.10 વાસ્તવિક અને કાલ્પનિક પરિસ્થિતિમાં પ્રત્યાયન (અવગમન અર્થે ભાષાકૌશલ – શબ્દપસંદગી તેમજ વાક્યવૈવિધ્ય – દર્શાવે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- 'રત્નભોજન' એકમની વાંચન
- નવલકથામાં મૌર્ય કાળનું આબેહૂબ નિરૂપણ
- વાતચીત દ્વારા પુછાયેલા પ્રશ્નો
- શબ્દ સમૂહ માટે એક શબ્દ
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- સમાનાર્થી શબ્દ
- ભાષા સજ્જતા દ્વારા સર્વનામની બાળકોને સમજ
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- પેપર કટિંગ (જાહેરાતો), બીલ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' લિખિત 'રત્નભોજન' એકમની વાંચન કરી સમજ આપીશ. આ નવલકથામાં દર્શકે ભારતનાં આજથી બેહજાર વર્ષ પૂર્વેનાં ગણરાજ્યોનો કાળ કથામાં સરસ રીતે ગુંથી લીધો છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. આનંદ, સુચરિતા, કૃષ્ણા અને સુદત્ત આ નવલકથાનાં પ્રમુખ પાત્રો છે, તેમજ મહાકશ્યપ અને મહર્ષિ ઐલ એ બે પાત્રો ઘણાં જ તેજસ્વી અને પ્રેરક છે તથા ૨૭ પ્રકરણોમાં પથરાયેલી આ નવલકથામાં મૌર્ય કાળનું આબેહૂબ નિરૂપણ છે. સાથે સાથે તે સમયે શરૂ થયેલાં ગ્રીક આક્રમણોનો પણ અહીં ઉલ્લેખ મળે છે, જેમાં ગ્રીક યોદ્ધા મૈનેન્દ્રનું વર્ણન પણ આ નવલકથામાં છે. સુવર્ણ અને ધનના મોહથી આક્રમણ કરી રહેલા મહાક્ષત્રપ મૈનેન્દ્રને મહર્ષિ ઐલ કઈ રીતે

ઝાંખો પાડીને જીવનનું સત્ય સમજાવે છે, તે પ્રકરણ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવીશ. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દાર્થની ચર્ચા કરી તેની સમજ આપી નોટમાં લખાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને શબ્દ સમૂહ માટે એક શબ્દની સમજ આપીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ વાતચીત દ્વારા પુછાયેલા પ્રશ્નોની ચર્ચા કરી તે વિદ્યાર્થીઓને લખાવીશ. પછી પાઠ્યપુસ્તકમાં આપેલ વાક્યો કોણ બોલે છે તે વિદ્યાર્થીઓને પૂછી અને સાચો જવાબ લખાવીશ. ત્યારબાદ ખાલી જગ્યાના જવાબો કૌંસમાંથી શોધી અને લખવાનું કહીશ. વિદ્યાર્થીઓને રેખાંકિત શબ્દની જગ્યાએ કૌંસમાંથી સમાનાર્થી શબ્દ મૂકી જરૂરી ફેરફાર કરી વાક્ય ફરી બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં ભાષા સજ્જતા દ્વારા સર્વનામની બાળકોને સમજ આપી અને સર્વનામ એટલે શું તે સમજાવીશ. ત્યારબાદ 'ચાલો યાદ કરીએ' દ્વારા પાઠ્યપુસ્તકમાં પુછાયેલા પ્રશ્નોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. શબ્દકોશ દ્વારા અગાઉ શીખેલા એકમોમાંથી તથા વર્ગશાળા કે વર્ગમાં થતી વાતો બજારમાં જોયેલી જાહેરાતો, બિલ વગેરે માંથી સાંભળેલા કે વાંચેલા નવા શબ્દોની નોંધ આ પ્રવૃત્તિ દ્વારા અહીં કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- નવલકથાની માહિતી
- બજારમાં જોયેલી જાહેરાતો

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- ભાષા સજ્જતા
- પ્રશ્નોના જવાબ લખવા
- બજારમાં જોયેલી જાહેરાતો

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન
## (૧૦) ગુજરાતના ગરવા લોકગાયિકા

**અધ્યયન નિષ્પતિ :**

૩.૬ સામગ્રીવિષયક વિવેચનાત્મક ચિંતન કરે.
૯.૬ છાપાં, મેગેઝિન, ટીવી, મોબાઇલ વગેરેમાં પ્રયોજાતી શબ્દાવલિ અને વાક્યરચનાઓ ગ્રહણ કરે અને બોલવા-સાંભળવાની ભાષામાં સંયોજિત કરે.
૧.૩ લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાન ઉપયોગ કરે.
૮.૪ ગદ્યખંડ અને સંવાદોનું વાચિકમ્ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- દિવાળીબેનની માહિતી
- ગાયિકા કે ગાયક ના નામ
- વિદ્યાર્થીઓને તેઓ પોતે જાહેરમાં ગીત ક્યારે ગાયું છે?
- શબ્દાર્થો અને રૂઢિપ્રયોગો
- ટીવીમાં ગીત સંગીત ને લગતા કાર્યક્રમો
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- કલા ઉત્સવના નિયમો
- કલાત્મક અક્ષરાંકન

- ગુજરાતના કોઈપણ બે ગાયકો વિશે માહિતી
- ક્રિયાવિશેષણની સમજ
- બોલો હું કોણ છું ? દ્વારા ઉખાણાંની ચર્ચા
- પ્રશ્નોના જવાબોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

-વિદ્યાર્થીઓને ગુજરાતના ગરવાં લોકગાયિકા' આ એકમ દ્વારા ગુજરાત રાજ્યના કોકીલ કંઠી નૈસર્ગિક ગાયિકા પદ્મશ્રી દિવાળીબેનની માહિતી આપીશ. અસંખ્ય ગુજરાતી લોકગીત ગાઈને ગુજરાતના શ્રોતાઓના મુગ્ધ કરનારા આ મહાન ગાયિકાની સાદગી, સરળતા અને નિખાલસતાના દર્શન આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવીશ. વિદ્યાર્થીઓને તેઓ જાણતા હોય તેવા ગાયિકા કે ગાયક ના નામ પૂછીશ અને સાથે બાળ ગાયક કલાકારો ના નામ પણ વિદ્યાર્થીઓને પૂછી અને લખાવીશ. વિદ્યાર્થીઓને તેઓ પોતે જાહેરમાં ગીત ક્યારે ગાયું છે? તમે ટીવીમાં ગીત સંગીત ને લગતા કાર્યક્રમો જુઓ છો તેની ચર્ચા કરી નોંધ કરાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દાર્થો અને રૂઢિપ્રયોગો તથા કહેવતોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને તેના વિશે નોંધ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબો ની ચર્ચા કરી લખાવીશ. આપણી શાળામાં થતા કલા ઉત્સવમાં કેવા નિયમો હોય છે તેના વિદ્યાર્થીઓને શું ઇનામ મળે છે તે અંગેના પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને પૂછી અને તેની નોંધ કરાવીશ. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં આપેલ ઝડપથી વાંચન કરવાની પ્રવૃત્તિ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ જુદી જુદી રીતે કલાત્મક અક્ષરાંકન દ્વારા બાળકોને લખવા આપીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબની ચર્ચા કરી લખાવીશ. પાઠના આધારે હું દિવાળીબેન વિષય પર આઠ દસ વાક્યોની ચર્ચા કરી લખાવીશ. ગુજરાતના કોઈપણ બે ગાયકો વિશે માહિતી મેળવી તેની નોંધ કરાવીશ. ભાષા સજ્જતા દ્વારા ક્રિયાવિશેષણની સમજ આપીશ. ચાલો યાદ કરીએ દ્વારા પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- ગાયક /ગાયિકાના ચિત્રો
- ગુજરાતના જાણીતા ગાયકો વિશે માહિતી

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- ઝડપથી વાંચન કરવાની પ્રવૃત્તિ
- પ્રશ્નોના જવાબ લખવા
- દિવાળીબેન વિષય પર આઠ દસ વાક્યો
- ઉખાણાંના જવાબ લખવા